રજૂ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
દાખલ તારીખ : ૦૧/૦૫/૨૦૨૬
નિકાલ તારીખ : ૦૯/૦૬/૨૦૨૬

| અવધિ : | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૧ | ૦૯ |

**ભાવનગરના મે. ફોર્થ એડી. સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મું.ભાવનગર.**

**પરચુરણ ફોજદારી અરજી નં.૭૬૩/૨૦૨૬**

આંક : 05

**અરજદાર :** **મેહુલભાઈ રાજુભાઈ સાટીયા ઉર્ફે લાલાભાઈ સાટીયા,**
ઉ.વ.આ.૩૩, ધંધો–વેપાર,
રહે. સરીતા સોસાયટી, શેરી નં.૭,
ગઢેચી વડલા પાસે, ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :** **શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ. ની કલમ ૪૮૨ અન્વયે આગોતરા જામીન અરજી.**

**અરજદાર તરફે :** વિ.વ.શ્રી એસ.ટી.પરમાર.
**સામાવાળા તરફે :** વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

**–: ચુકાદો :–**

(૧) આ કામમાં અરજદાર/આરોપીએ ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૯૦૮/૨૦૨૬ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૩૦૮(૫), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા નાંણા ધીરધાર અધિનિયમની કલમ–૪૦, ૪૨ મુજબના ગુન્હાના કામે આગોતરા જામીન ઉપર મુકત થવા માટે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ હેઠળ કરેલ છે.

(૨) સદર જામીન અરજી સંદર્ભે સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.ટી.પરમારની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, અરજદાર/ આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯ ૮૦૦૬૨૬૦૯૦૮/૨૦૨૬ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૩૦૮(૫), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા નાંણા ધીરધાર અધિનિયમની કલમ–૪૦, ૪૨ મુજબના ગુન્હાની ફરીયાદ નોંધાયેલ છે અને સદર ગુનાના કામે પોલીસ અરજદાર/આરોપીને અટક કરે તેવી દહેશત હોવાથી હાલની આ આગોતરા જામીન ઉપર મુકત થવા માટે અરજી કરેલ છે. વધુમાં, અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. ફરિયાદ સાત દિવસ ઉપરાંત મોડી છે અને તે અંગેનું કોઈ કારણ દર્શાવેલ નથી. માત્ર કહેવાતા કોલ રેકોર્ડીંગ તથા વોટસએપ મેસેજના આધારે ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/ આરોપીએ મરણજનારને મરવા સિવાય કોઈ વિકલ્પ ન રહેવા દીધો હોય કે આપઘાતમાં દુષ્પ્રેરણ કરેલ હોય તેવું કાંઈ બનેલ નથી. અરજદાર/ આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી સમાજના પ્રતિષ્ઠિત વ્યકિત છે. તેમજ અરજદાર/આરોપીને જો સદર ગુન્હાના કામે ધરપકડ કરવામાં આવે તો તેઓની પ્રતિષ્ઠાને નુકશાન થાય તેમ છે અને અરજદાર/આરોપી કોઈ ગુન્હાહિત ભુતકાળ ધરાવતા નથી. અરજદાર/આરોપી ઉપર તેમના પરિવારની જવાબદારી છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને ટ્રાયલ વખતે સરળતાથી ઉપલબ્ધ રહે તેમ છે. તેમજ તપાસ કરનાર અધિકારીશ્રીને તપાસના કામે સંપૂર્ણ સાથ સહકાર આપવા તૈયાર અને ખુશી

છે અને નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી હોવાનું જણાવી, અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯ ૮૦૦૬૨૬૦૯૦૮/૨૦૨૬ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૩૦૮(૫), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા નાંણા ધીરધાર અધિનિયમની કલમ–૪૦, ૪૨ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપીનો રોલ ધ્યાને લેવામાં આવે તો એકટીવા સ્કુટર લઈ લીધેલ છે. તેમજ રૂ.૨,૪૧,૦૦૦/– ની ઉઘરાણીનાં મેસેજ કરવામાં આવેલ છે. મોબાઈલ કબજે કરવાનો બાકી છે. સદર ગુન્હાના કામે તપાસ ચાલુ છે. અરજદાર/આરોપીનું સદર ગુન્હાના કામે ઈન્વોલ્વમેન્ટ છે અને અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી પુરેપુરી દહેશત છે. અરજદાર/આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરુરીયાત છે. જો આ પ્રકારના ગંભીર ગુન્હામાં અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સમાજમાં અવળી અસર પડે તેમ છે અને આ પ્રકારના ગુન્હા કરવા પ્રોત્સાહન મળે તેમ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન ઉપર મુકત કરવા માટેની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ આંક–૦૪ થી તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું રજુ કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૦૩ ના લીસ્ટથી રજુ દસ્તાવેજો વંચાણે અને ધ્યાને લીધા. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધુ. આ કામે અરજદાર/આરોપી તથા સહઆરોપીઓ સામે ઘોઘારોડ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૦૬૨૬૦૯૦૮/૨૦૨૬ બી.એન.એસ. ૨૦૨૩ ની કલમ–૧૦૮, ૩૦૮(૪), ૩૦૮(૫), ૩૫૨, ૩૫૧(૨), ૫૪ તથા નાંણા ધીરધાર અધિનિયમની કલમ–૪૦, ૪૨ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો

છે. વધુમાં, અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે આ કામના અરજદર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ નહીં હોવાની અને એફ.આઈ.આર. ઉપર આધારીત દલીલ કરવામાં આવેલ છે. પરંતુ, આ કામે તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું તથા ફરીયાદ હકીકત વંચાણે લેતાં, આ કામે મરણજનારના ભાઈઓ આ કામના ફરિયાદી તેમજ સાહેદ મિહિરભાઈ રાજેન્દ્રભાઈ માંડલીયાનાઓએ ફરિયાદીનો મોબાઈલ ફોન ચેક કરતા તા.૩૧/૦૩/૨૦૨૬ ના રોજ રાત્રીના કલાક ૮-૩૮ વાગ્યે આરોપી પીન્ટુભાઈ ચસ્કા મસ્કા એ રીતેના નામથી સેવ કરાયેલ મોબાઈલ નં.૯૬૮૭૯૯૯૮૯૯ પર ફોન કરતા આ પીન્ટુભાઈ રૂા.૫૦,૦૦૦/- ની તેના ભાઈ પાસેથી ઉઘરાણી કરતા હોવાનું તેમજ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના કલાક ૪-૩૧ વાગ્યે આ પીન્ટુભાઈનો તેના ભાઈના મોબાઈલ ફોનમાં ફોન આવેલ અને ફોનમાં તેઓ તેના ભાઈને બીભત્સ ગાળો બોલી ''પૈસા દઈ જા પહેલા'' એમ પૈસાની પઠાણી ઉઘરાણી કરતો હોવાનું વોઈસ રેકોર્ડીંગ સાંભળતા માલુમ પડેલું. તેમજ મરણજનારના મોબાઈલ ફોનમાં વોટસએપ ચેટમાં તપાસ કરતા લાલાભાઈના નામથી સેવ થયેલ મોબાઈલ નં.૮૩૦૬૯૧૯૧૯૧ આવેલ મેસેજની ચેટ જોતા પ્રથમ તા.૧૧/૦૩/૨૦૨૬ રૂા.૨,૧૫,૦૦૦/- થી નિયમિત રૂ.૧૦૦૦/- નો ઉમેરો કરી, તા.૦૬/૦૪/૨૦૨૬ સુધી રૂા.૨,૪૧,૦૦૦/- એ રીતેની વિગત લખવામાં આવેલ અને આ દિવસો દરમિયાન વોટસએપમાં પાંચેક વોઈસ મેસેજ કરી મેહુલભાઈને ફોન ઉપાડવાનું અને મેસેજ જોઈને ફોન ઉપાડવાનું કહી પૈસાની પઠાણી ઉઘરાણી કરતા હોવાનું અને પૈસા આપી એકટીવા લઈ જવાનું કહેતા હોવાનું માલુમ પડેલ. તેમજ મરણજનારના મોબાઈલ ફોનમાં વોટસએપ ચેટમાં તપાસ કરતા ગોપાલના નામથી સેવ થયેલ મોબાઈલ નંબર ૯૪૨૭૭૯૧ ૩૦૭ આવેલ મેસેજની ચેટ જોતા આ ગોપાલ રવીભાઈ વતી મેહુલભાઈ પાસે વ્યાજે આપેલ પૈસાની ઉઘરાણી કરતો હોવાનું અને મેહુલભાઈ પાસેથી રવીભાઈ ચંદુભાઈ ખોખરના ખાતામાં ઓનલાઈન રકમ ટ્રાન્સ્ફર કરાવતો હોવાનું માલુમ પડેલ. તેમજ

આ કામના અરજદાર/આરોપીએ રૂા.૧,૬૫,૦૦૦/- ની ઉઘરાણી કરતા હોવાનું મરણજનારે તેના ભાઈને રુબરુમાં જણાવેલ હોવાનું તથા કોલ રેકોર્ડીંગ તેમજ વોટસએપ ચેટ જોતા તેમાં પીન્ટુભાઈ ચસ્કા મસ્કા વાળા ફરિયાદીના મરણજનાર ભાઈ પાસે રૂા.૫૦,૦૦૦/- ની ઉઘરાણી કરતા હોવાનું તેમજ લાલાભાઈ સાટીયાએ તેમના ભાઈને કરેલ મેસેજ પરથી તેઓ દરરોજનું રૂા.૧૦૦૦/- વ્યાજ ઉમેરીને છેલ્લે તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ રૂા.૨,૪૧,૦૦૦/- ની ઉઘરાણીનો મેસેજ કરેલ જોવામાં આવેલ અને આ રીતે આ કામના ફરિયાદના નાના ભાઈ મેહુલભાઈ ઉમેશભાઈ માંડલીયાને તેના કેટરીંગના ધંધામાં પૈસાની જરુર પડતા આરોપીઓ પીન્ટુભાઈ ચસ્કા મસ્કાવાળા તથા રવીભાઈ ચંદુભાઈ ખોખર તથા તેના વતી વ્યાજ મુદૃલની ઉઘરાણી કરતા ગોપાલભાઈ તેમજ લાલાભાઈ સાટીયાવાળાઓ પાસેથી વ્યાજે પૈસા લીધેલ હોય, જેનું આ લોકો ઉંચુ વ્યાજ ફરિયાદીના ભાઈ પાસેથી વસુલતા હોય અને ફરિયાદીના ભાઈને વ્યાજ તેમજ મુદૃલ નિયમિત ચુકવવા રુબરુ તેમજ ફોનથી સતત ધાકધમકીઓ આપી પઠાણી ઉઘરાણી કરી, તેમજ આ પૈકીના આરોપી લાલાભાઈ સાટીયાએ ફરિયાદીનું એકટીવા સ્કુટર ફરિયાદીના ભાઈ પાસેથી બળજબરીથી પડાવી લઈ, તેમજ રવિભાઈ ચંદુભાઈ ખોખરે ફરિયાદીના ભાઈની પાસે પૈસાની પઠાણી ઉઘરાણી કરી પૈસા નહીં આપે તો ઘરના સભ્યોને બહાર કાઢી ઘરને તાળુ મારી કબજો લઈ લેવા ગંભીર ધાક ધમકી આપી, ફરિયાદીને મરવા મજબુર કરતા, તેઓ તરફથી સતત મળતી ધમકીઓના કારણે ફરિયાદીના ભાઈ મેહુલભાઈ તા.૦૬/૦૪/૨૦૨૬ ના રોજ ગળાફાંસો ખાઈ મરણ ગયેલ હોવાના આક્ષેપો છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં, સદર ગુન્હાના કામે અરજદાર/આરોપી તથા સહઆરોપીઓ સામેનું આક્ષેપિત કૃત્ય ખુબ જ ગંભીર પ્રકારનું છે. તેમજ તપાસ ચાલુ છે અને અરજદાર/આરોપી ઉપરાંત અન્ય એક સહઆરોપીને પણ પકડવાના બાકી છે, તે દરમ્યાન જો અરજદાર/આરોપીને આગોતરા જામીન મુકત કરવામાં આવે તો ધાક ધમકી કે લાલચ પ્રલોભન આપી સાક્ષી પુરાવા સાથે ચેડા

કરી તપાસ તથા ફરિયાદપક્ષના કેસને નુકશાન કરે તેવી સંભાવનાઓ પણ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. વધુમાં, અરજદાર/આરોપી નાસતા ફરે છે અને તપાસના કામે પોલીસ સમક્ષ હાજર થઈ સહકાર આપતા નથી. વધુમાં, જો આવા ગંભીર પ્રકારના ગુન્હામાં અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે અને આવા ગુન્હા કરવા પ્રોત્સાહન મળે તેમ છે. આમ, આ ગુન્હાનો પ્રકાર તથા તેની ગંભીરતા તથા આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબની તમામ હકીકતો અને સંજોગો તથા આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરતી વખતે ઘ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ઘ્યાને લેતાં, આ કોર્ટને હાલના તબકકે અરજદાર/આરોપીની તરફેણમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ કલમ-૪૮૨ અન્વયેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ઉચિત જણાતુ નથી. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

**-: <u>હુકમ</u> :-**

(૧) આ કામના અરજદાર/આરોપીની આગોતરા જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૯'મી, માહે-જુન, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૦૯/૦૬/૨૦૨૬

**(હેતલ સુરેશચંદ્ર દવે)**
ફોર્થ એડીશ્નલ સેશન્સ જજ,
ભાવનગર.
UI CODE NO.GJ00693

Bhavik